# 6. ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો

## સ્વાધ્યાય

### પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો:

#### (1) તાજમહેલની સ્થાપત્યકલાનો પરિચય આપો.



તાજમહેલ

- ભારતના ઉત્તર પ્રદેશ રાજ્યના આગ્રામાં યમુના નદીના કિનારે તાજમહેલ આવેલો છે.
- તાજમહેલ વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન ધરાવે છે.
- તેનું નિર્માણ મુઘલ બાદશાહ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ મહલની યાદમાં કરાવ્યું હતું.
- ઈ.સ. 1630માં મુમતાજ મહલ અવસાન પામતાં 1631માં તાજમહેલના બાંધકામની શરૂઆત થઈ અને 22 વર્ષ બાદ ઈ.સ. 1653માં પૂર્ણ થયું.
- શાહજહાંએ તાજમહેલના નિર્માણ કાર્યમાં ભારતના કુશળ શિલ્પીઓ ઉપરાંત ઈરાની, અરબી, તુર્કી, અને યુરોપીય શિલ્પીઓને રોક્યા હતા.
- દુનિયાના અદ્વિતીય મકબરાઓમાં તાજમહેલની ગણના થાય અને તેના દ્વારા મુમતાજ મહલનું નામ જગતભરમાં અમર થઈ જાય તેવી શાહજહાંની અંતરેચ્છા હતી.
- તેનું નિર્માણ સંગેમરમરના ચબૂતરા ઉપર થયેલું છે.
- તાજમહેલની સંપૂર્ણ ઇમારત ઉત્તરથી દક્ષિણ તરફ લંબચોરસ આકારે વિસ્તરેલી છે.
- તેનું પ્રવેશદ્વાર આકર્ષક છે. તેની મધ્યમાં ઉંચો ઘુમ્મટ છે તેમજ તેના ચાર ખૂણા પર નાના ઘુમ્મટ છે.
- તાજમહેલની મધ્યમાં મુમતાજની કબર છે. કબરની આજુબાજુ ખૂબ જ સુંદર કલાત્મક અષ્ટકોણીય જાળી છે.
- તેની મહેરાબ પર એક ઉક્તિ લખેલી છે: 'સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે.'
- તાજમહેલ ભારતની સ્થાપત્યકલાના વારસાને ગૌરવાન્વિત કરે છે.
- દેશ-વિદેશના પ્રવાસીઓ માટે તે નિત્ય આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

#### (2) ગુજરાતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો વિશે નોંધ લખો.

- ગુજરાત શિલ્પ-સ્થાપત્ય કલા ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. અહીં પ્રાચીન નગરો, ગુફાઓ, મંદિરો, મસ્જિદો, કિલ્લાઓ, વાવ, તોરણો એમ બહુવિધ સ્થાપત્ય ક્ષેત્રો આવેલાં છે:
- <u>ધોળાવીરા:</u>
- ધોળાવીરા એ સિંધુ સભ્યતાનું નગર હતું.
- તે કચ્છના ભચાઉ તાલુકાના ખદીર બેટમાં આવેલ છે.

- ધોળાવીરા તેની આદર્શ નગરરચના માટે અને હડપ્પીય સંસ્કૃતિના વેપાર-વાણિજ્યના કેન્દ્ર માટે જાણીતું છે.
- આજથી લગભગ 5000 વર્ષ પહેલાં આ નગરમાં ઘરેણાં અને મણકા બનાવવાનાં કેન્દ્રો જોવા મળે છે.
- લોથલ:
- તે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં અમદાવાદ-ભાવનગર-હાઇવે નજીક આવેલું એક પુરાતત્વીય સ્થળ છે.
- તે પ્રાચીન સમયમાં વેપાર-વાણિજ્યથી ધીકતું અને સુવિધાઓવાળું હડપ્પીય સંસ્કૃતિનું બંદર હતું.

- જૂનાગઢ:

| | | |
|---|---|---|
| સમ્રાટ અશોકનો શિલાલેખ | જૈનમંદિરો | અડીકડીની વાવ |
| ખાપરા-કોડિયાની બૌદ્ધ ગુફાઓ | દામોદર કુંડ | નવઘણ કૂવો |
| ઉપરકોટ | જૂનો રાજમહેલ | બહાઉદ્દીન વઝીરની કબર |

- મહાશિવરાત્રિએ અહીં ગિરનાર પર્વતની તળેટીમાં ભવનાથનો મોટો મેળો ભરાય છે.
- જૂનાગઢ જિલ્લામાં બોરદેવી, શામળાજી નજીક દેવની મોરી, જૂનાગઢ-ગિરનારમાં ઇટવા વગેરે સ્થળોએથી બૌદ્ધ સ્તૂપના અવશેષો મળ્યા છે.
- બાવાપ્યારા, ઉપરકોટ, ખાપરા-કોડિયા, ખંભાલીડા, તળાજા, સાણા, ઢાંક, ઝીંઝુરીઝર, કેડિયા ડુંગર વગેરે સ્થળોએ ગુફા-સ્થાપત્યો આવેલાં છે.

- અમદાવાદ:
- અમદાવાદ ગુજરાતનું ઐતિહાસિક શહેર છે. તે ગુજરાતનું પાટનગર હતું.
- અહીંના જોવાલાયક મુખ્ય સ્થાપત્યો નીચે મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| ભદ્રનો કિલ્લો<br>જામા મસ્જિદ<br>રાણી સિપ્રીની મસ્જિદ | રાણી રૂપમતિની મસ્જિદ<br>સરખેજનો રોજો<br>કાંકરિયું તળાવ | ઝૂલતા મિનારા<br>હઠીસિંગનાં દેરાં<br>સીદી સૈયદની જાળી | <br>સીદી સૈયદની જાળી |

- સારંગપુર દરવાજા બહાર રાજપુર-ગોમતીપુરમાં આવેલા ઝૂલતા મિનારા તેના કંપનના વણઉકલ્યા રહસ્ય માટે જાણીતા છે.
- અતિશય બારીક અને સુંદર વાનસ્પતિક ભૌમિતિક કોતરણીના કારણે સીદી સૈયદની જાળી પ્રખ્યાત છે.

- પાટણ:
- પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ અને રાણીની વાવ પાટણનાં પ્રખ્યાત સ્થાપત્યો છે.
- ઇ.સ. 1140 માં સિદ્ધરાજ જયસિંહે સહસ્ત્રલિંગ તળાવ બંધાવ્યું હતું.
- ભીમદેવ પ્રથમની રાણી ઉદયમતિએ શહેરની પ્રજાને પાણી પૂરું પાડવા માટે વાવ બંધાવી હતી, જે રાણીની વાવના નામે પ્રસિદ્ધ છે.
- ઇ.સ. 2014માં યુનેસ્કોએ રાણીની વાવને વૈશ્વિક વારસાનાં સ્થળોમાં સમાવિષ્ટ કરી છે.

- સાંસ્કૃતિક વારસાનાં અન્ય સ્થળો :

| જિલ્લો | સાંસ્કૃતિક વારસાનાં સ્થળો |
|---|---|
| સિદ્ધપુર | રુદ્રમહાલય |
| વડનગર | કિલ્લો, શર્મિષ્ઠા તળાવ અને કીર્તિતોરણ |
| અરવલ્લી | મેશ્વો નદીના કિનારે આવેલું પ્રાચીન યાત્રાધામ શામળાજી મંદિર |
| ભાવનગર | પાલિતાણાના શેત્રુંજય પર્વત પર અનેક જૈન દેરાસરો આવેલાં છે. તેમાંનાં કેટલાંક દેરાસરોનું નિર્માણ 11મી સદીમાં થયેલું છે. |
| મહેસાણા | ખેરાલુ તાલુકાના ટીંબા ગામ પાસે આવેલી ટેકરીઓ પર તારંગા તીર્થ અને તારામાતાનું મંદિર |
| ગીરસોમનાથ | સોમનાથ મંદિર |
| દેવભૂમિ દ્વારકા | દ્વારકાધીશનું મંદિર |

- વાવ:

| | |
|---|---|
| ગાંધીનગર | અડાલજની વાવ |
| અમદાવાદ | અસારવા વિસ્તારમાં દાદા હરિની વાવ |
| પાટણ | રાણીની વાવ |
| જૂનાગઢ | અડીકડીની વાવ |

- આ ઉપરાંત નડિયાદ, મહેમદાવાદ, ઉમરેઠ, કપડવંજ, વઢવાણ, કલેશ્વરી વગેરે સ્થળોએ વાવો આવેલી છે.



કીર્તિતોરણ, વડનગર



રાણીની વાવ, પાટણ




અડાલજની વાવ, અડાલજ, જિ. ગાંધીનગર



પાલિતાણા, જિ. ભાવનગર



સોમનાથ મંદિર, જિ. ગીર સોમનાથ



બહાઉદ્દીન વજીરની કબર, જૂનાગઢ

### (3) દિલ્લીના લાલ કિલ્લા વિશે નોંધ લખો.



લાલ કિલ્લો

- દિલ્લી ખાતે આવેલા લાલ કિલ્લાનું નિર્માણ મુઘલ બાદશાહ શાહજહાંએ ઇ.સ. 1638માં કરાવ્યું હતું.
- લાલ પથ્થરોમાંથી તૈયાર થયેલ આ કિલ્લામાં શાહજહાંએ પોતાના નામથી 'શાહજહાંનાબાદ' વસાવ્યું હતું.
- તેણે આ કિલ્લાની અંદર દીવાન-એ-આમ, દીવાન-એ-ખાસ અને રંગમહેલ જેવી મનોહર ઇમારતો બાંધવી હતી.
- દીવાન-એ-ખાસ અન્ય ઇમારતોની તુલનામાં વધુ અલંકૃત છે. તેની સજાવટમાં
- મુમતાજનો શીશમહલ, ઔરંગઝેબે બંધાવેલી મોતી મસ્જિદ, લાહોરી દરવાજા, મીનાબજાર, મુઘલ ગાર્ડન વગેરેનો સમાવેશ થાય છે.
- અહીં રંગમહેલ અને શાહી સ્નાનાગાર છે.
- શાહજહાંએ દીવાન-એ-ખાસમાં બેસવા માટે સોનાનું કલાત્મક 'મયૂરાસન' બનાવડાવ્યું હતું.
- ઇરાનના નાદિરશાહે દિલ્લી પર ચઢાઈ કરી ત્યારે પાછા ફરતી વખતે તે મયુરાસનને પોતાની સાથે ઇરાન લઈ ગયો હતો.
- રાષ્ટ્રીય તહેવારોના પ્રસંગે લાલ કિલ્લા પરથી ધ્વજવંદન કરવામાં આવે છે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

### (1) હમ્પી નગરની સ્થાપત્યકલાનો પરિચય આપો.

- હમ્પી કર્ણાટક રાજ્યના બેલ્લારી જિલ્લાના હોસપેટ તાલુકામાં આવેલ છે.
- હમ્પી વિજયનગર સામ્રાજ્યની રાજધાનીનું શહેર હતું.
- વિજયનગરના શાસકો કલાપ્રેમી હતા.
- તેમના રાજ્યકાળ દરમિયાન વિજયનગર રાજ્યમાં સ્થાપત્યની વિશિષ્ટ શૈલી વિકસી હતી.
- કૃષ્ણદેવરાય પ્રથમના સમયમાં આ સ્થાપત્ય શૈલી સર્વોચ્ચ શિખરે પહોંચી.
- વિજયનગર સ્થાપત્ય શૈલીની મુખ્ય વિશેષતા વિશાળ પથ્થરોને કોતરીને બનાવેલ ભવ્ય, ઊંચા અને કલાત્મક સ્તંભો છે.
- સ્તંભ અને સ્તંભાવલીઓ પર દેવો, મનુષ્યો, પશુઓ, યોદ્ધાઓ, નર્તકીઓ વગેરેનાં સુંદર અને કલાત્મક શિલ્પો કંડારેલાં છે.
- વિજયનગર સામ્રાજ્યમાં હમ્પીમાં કૃષ્ણદેવરાયના સમય દરમિયાનમાં વિઠ્ઠલ મંદિર અને હજારા રામમંદિરનું નિર્માણ થયું.
- અહીં વિરુપાક્ષ મંદિર, શ્રીકૃષ્ણનું મંદિર, અચ્યુતરાયનું મંદિર પણ આવેલાં છે.

### (2) ખજૂરાહોનાં મંદિરોનો પરિચય આપો.

- ખજૂરાહોનાં મંદિરો મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં ખજૂરાહો ખાતે આવેલાં છે.
- ખજૂરાહો એ બુંદેલખંડના ચંદેલ રાજાઓની રાજધાનીનું સ્થળ હતું.

- આ રાજાઓના સમયગાળામાં (ઈ.સ. 905 થી 1050 દરમિયાન) અહીં કુલ 80 મંદિરોનું નિર્માણ થયું હતું. જો કે આજે માત્ર 25 મંદિરો જ હયાત છે.
- આ મંદિરો નાગર શૈલીમાં નિર્માણ થયાં છે.
- આ મંદિરોમાં મોટા ભાગના શૈવ મંદિરો છે, તો કેટલાક વૈષ્ણવ અને જૈનમંદિરો છે.
- બધાં મંદિરોની રચનાશૈલી અને તેમનું શિલ્પવિધાન લગભગ સમાનતા ધરાવે છે.
- આ મંદિરોમાં ચોસઠ યોગિનીનું મંદિર મુખ્ય છે.
- આ મંદિર તેના તોરણની આલંકારિક શૈલી માટે જાણીતું છે.
- પ્રારંભિક સમયનાં આ બધાં મંદિરો ગ્રેનાઇટના પથ્થરમાંથી બનાવાયેલાં છે.
- દેશ-વિદેશના પ્રવાસીઓ ખજૂરાહોનાં મંદિરોની શિલ્પકલા, મૂર્તિકલા અને વાસ્તુકલા જોઈને મંત્રમુગ્ધ બને છે.

### (3) કોણાર્કના સૂર્યમંદિર વિશે નોંધ લખો.

- કોર્ણાકનું સૂર્યમંદિર ઓડિશા રાજ્યમાં જગન્નાથપુરી જિલ્લામાં બંગાળના અખાતના દરિયાકિનારે આવેલું છે.
- 13મી સદીમાં ગંગ વંધના રાજા નરસિંહવર્મન પ્રથમના સમયમાં આ મંદિરનું નિર્માણ થયું હતું.
- તે કાળા પથ્થરનું બનાવેલું હોવાથી 'કાળા પેગોડા'ના નામે ઓળખાય છે.

| | |
|---|---|
|  |  |
| કોર્ણાકનું સૂર્યમંદિર | કોર્ણાકનું સૂર્યમંદિરનું રથ ચક્ર |

- સમગ્ર મંદિરને સાત અશ્વોથી ખેંચાતા સૂર્યના રથનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.
- આ રથને મંદિરના આધારને સૌંદર્ય બક્ષતાં 12 મોટાં પૈડાં છે. તે વર્ષના બાર મહિનાનાં પ્રતીકો છે. દરેક પૈડાને આઠ આરા છે. તે દિવસના આઠ પ્રહર દર્શાવે છે.
- રૂપાંકનોની વિગત અને વિષયની વિવિધતાની દ્રષ્ટિએ કોર્ણાકનું સૂર્યમંદિર અજોડ અને અનુપમ છે.
- મંદિરમાં દિવ્ય, સાંસારિક અને સજાવટી એમ ત્રણેય પ્રકારનાં શિલ્પો છે. એ શિલ્પોમાં 13મી સદીની ઓડિશાની સંસ્કૃતિ અને સભ્યતાનાં દર્શન થાય છે.
- શિલ્પકલાની દ્રષ્ટિએ વિશિષ્ટ સ્થાન ધરાવતું કોર્ણાકનું સૂર્યમંદિર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

### (4) બૃહદેશ્વર મંદિરનો પરિચય આપો.

- બૃહદેશ્વર મંદિર તમિલનાડુ રાજ્યનાં તાંજોરમાં આવેલું છે.
- આ મંદિર ઇ.સ. 1003થી 1010ના સમયગાળા દરમિયાન ચોલ વંશના રાજા રાજરાજ પ્રથમે બંધાવ્યું હતું.
- આ મંદિર દેવાધિદેવ શિવનું છે.
- શિવ મહાદેવ ગણાતા હોવાથી આ મંદિરને 'બૃહદેશ્વરનું મંદિર'કહે છે.
- આ મંદિરનું નિર્માણ દ્રવિડ સ્થાપત્ય શૈલીમાં થેયેલું છે.



બૃહદેશ્વર મંદિર

- આ મંદિરની લંબાઈ 500 ફુટ અને પહોળાઈ 250 ફુટ છે. તેની આસપાસ કોટ બનાવેલો છે. તેનું શિખર જમીનથી લગભગ 200 ફૂટ ઊંચું છે. તે સમયે બૃહદેશ્વર મંદિરની ગણના એક ઉંચા શિખરવાળા મંદિર તરીકે થતી હતી.
- ભવ્ય શિખર, વિશાળ કદ અને કલાત્મક સુશોભનને કારણે આ મંદિર ભારતીય સ્થાપત્યકલાનો અદ્વિતીય વારસો ધરાવે છે.
- બૃહદેશ્વર મંદિર દક્ષિણ ભારતમાં ભવ્ય મંદિરોમાં સ્થાન ધરાવે છે.

### (5) ફતેહપુર સિકરી વિશે નોંધ લખો.

- ઉત્તર પ્રદેશના આગ્રાથી 26 માઈલ દૂર ફતેહપુર સિકરી નવું આવેલું છે.
- અકબરે સૂફી સંત સલીમ ચિશ્તીની યાદમાં આ શહેર વસાવ્યું હતું અને તેને પોતાને રાજધાની બનાવી હતી .
- ફતેપુર સિકરીમાં ઇમારતો બાંધકામ ઈ.સ. 1569માં શરૂ થયું અને ઈ.સ. 1572 સુધીમાં અહીં ઘણી ઇમારતો બંધાઈ.
- અહીંની ઇમારતોમાં બીરબલનો મહેલ, બીબી મરિયમનો સુનહલા મહેલ, તુર્કી સુલતાનનો મહેલ, જામે મસ્જિદ અને તેનો તેનો બુલંદ દરવાજો મુખ્ય છે.



બુલંદ દરવાજો, ફતેહપુર સિકરી

- બુલંદ દરવાજો 41 મીટર પહોળો અને 50 મીટર ઊંચો છે.
- અહીંની બીજી જાણીતી ઇમારતોમાં જોધાબાઈનો મહેલ, પંચમહેલ, શેખ સલીમ ચિસ્તીનો મકબરો, દીવાન-એ-આમ, દીવાન-એ-ખાસ, જ્યોતિષ મહેલ નોંધપાત્ર છે.

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો:

### (1) ઇલોરાના કૈલાસ મંદિરનો ટૂંકમાં પરિચય આપો.

- ઇલોરાની 13 થી 19 નંબરની ગુફાઓ હિન્દુ ધર્મને લગતી છે.
- કૈલાસ મંદિર ઇલોરાની 16 નંબરની ગુફામાં આવેલું છે.
- તે એક જ પથ્થર કોતરીને બનાવાયેલું છે.
- તે 50 મીટર લાંબું, 33 મીટર પહોળું અને 30 મીટર ઊંચું છે.

- દરવાજા, ઝરૂખા અને સુંદર સ્તંભોની શ્રેણીઓથી સુશોભિત કૈલાસ મંદિરની શોભા અવર્ણનીય છે.

### (2) ઍલિફન્ટાની ગુફાઓ વિશે ટૂંકમાં માહિતી આપો.

- મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઈથી 12 કિમી દૂર અરબ સાગરમાં ઍલિફન્ટાની ગુફાઓ આવેલી છે.
- અહીં કુલ 7 ગુફાઓ આવેલી છે.
- આ જગ્યાને 'ઍલિફન્ટા' નામ પોર્ટુગીઝોએ આપ્યું.
- તેમણે આ નામ અહીં પથ્થરમાંથી કોતરેલી હાથીની મૂર્તિના કારણે આપ્યું છે.


ત્રિમૂર્તિ

- અહીંની ગુફાઓમાં અનેક સુંદર શિલ્પકૃતિઓ કંડારાઈ છે, જેમાં 'ત્રિમૂર્તિ'ની ગણના દુનિયાની સર્વોત્તમ મૂર્તિઓમાં થાય છે.
- આ અદ્ભુત શિલ્પકૃતિ ગુફા નં. 1માં આવેલી છે.
- ઈ.સ. 1987માં યુનેસ્કો દ્વારા વૈશ્વિક વારસાનાં સ્થળોમાં ઍલિફન્ટાની ગુફાઓને સ્થાન આપવામાં આવ્યું છે.
- અહીંના સ્થાનિક માછીમારો આ સ્થળને 'ધારાપુરી' કહે છે.

### (3) કુતુબમિનાર વિશે નોંધ લખો.

- કુતુબમિનાર દિલ્હીમાં આવેલ સલ્તનતકાલીન સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે.
- તે ભારતમાં પથ્થરોમાંથી બનેલ સૌથી ઊંચો સ્તંભ મિનાર છે.
- તેનું નિર્માણ 12મી સદીમાં ગુલામ વંશના સ્થાપક કુતુબીદ્દીન ઐબકે શરૂ કર્યું, જે તેના જમાઈ ઈલ્તુત્મીશે પૂર્ણ કરાવ્યું.
- કુતુબમિનાર 72.5 મીટર ઊંચો છે.
- એનો ભૂતળનો ઘેરાવો 13.75 મીટર છે, ઊંચાઈ પર જતાં 2.75 મીટર થાય છે.
- કુતુબમિનારને લાલ પથ્થર અને આરસથી બનાવવામાં આવેલ છે.
- તેની પર કુરાનની આયાતો કંડારવામાં આવી છે.



### (4) ગોવાનાં દેવળો વિશે નોંધ લખો.

- પોર્ટુગીઝોની સાથે ખ્રિસ્તી ધર્મના ધર્મગુરુઓ પણ ભારત આવ્યા હતા.
- ગોવા પોર્ટુગીઝોની રાજધાની હતી.
- જૂના ગોવામાં બેસાલીકા ઑફ બોમ જીસસ કે બેસાલીકા ઑફ ગુડ જીસસ નામનું દેવળ આવેલું છે.


બેસાલીકા ઑફ બોમ જીસસ દેવળ, ગોવા

- અહીં સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર્સનો પાર્થિવ દેહ સાચવીને મૂકાયો છે. ઘણાં વર્ષો પછી પણ તેમનું શબ વિકૃત થયું નથી.
- પોર્ટુગીઝોના શાસન દરમિયાન કૅથલિક સંપ્રદાયના મહાન ખ્રિસ્તી સંત ફ્રાન્સિસ ઝેવિયર ભારત આવ્યા હતા. તેમણે ગોવાને પોતાની પ્રવૃત્તિઓનું વડું મથક બનાવ્યું હતું.

- આ ઉપરાંત ગોવામાં અનેક ચર્ચ (દેવળ) આવેલા છે.

### (5) અમદાવાદમાં આવેલ સાંસ્કૃતિક વારસાનાં સ્થળોની યાદી બનાવો.

- **અમદાવાદમાં આવેલ સાંસ્કૃતિક વારસાનાં સ્થળો નીચે મુજબ છે:**
- ભદ્રનો કિલ્લો
- જામા મસ્જિદ
- રાણી સીપ્રીની મસ્જિદ
- સરખેજનો રોજો
- કાંકરિયા તળાવ
- ઝુલતા મિનારા
- સીદી સૈયદની જાળી
- હઠીસિંગનાં દેરાં
- રાણી રૂપમતીની મસ્જિદ



સીદી સૈયદની જાળી

### (6) પ્રાચીન સમયથી ભારત તીર્થભૂમિ રહ્યું છે.

- ભારતના લોકો વિવિધ તીર્થસ્થાનોની યાત્રાએ જાય છે.
- ભારતમાં ચાર ધામની અને બાર જ્યોતિર્લિંગની યાત્રા ખૂબ પ્રચલિત છે.
- ચાર ધામમાં નીચેના પવિત્ર તીર્થસ્થળોનો સમાવેશ થાય છે:

| પવિત્ર ધામનું સ્થળ | રાજ્ય |
|---|---|
| બદ્રીનાથ | ઉત્તરાખંડ |
| દ્વારકા | ગુજરાત |
| જગન્નાથપુરી | ઓડિશા |
| રામેશ્વરમ્ | તમિલનાડુ |

- આ ઉપરાંત, 51 શક્તિપીઠની અમરનાથની યાત્રા પણ મહત્ત્વની ગણાય છે.
- ગુજરાતમાં ગિરનાર (લીલી પરિક્રમા), શેત્રુંજય અને નર્મદાની પરિક્રમાનું પણ અનેરું મહત્ત્વ છે.
- આમ, ભારતના લોકો તીર્થો, પવિત્ર સ્થળોની યાત્રા તથા પર્વતો અને નદીઓની પરિક્રમાઓ કરે છે.
- આથી કહી શકાય કે, પ્રાચીન સમયથી ભારત તીર્થભૂમિ રહ્યું છે.

## પ્રશ્ન 4: દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:

### (1) અજંતાની ગુફાઓ નીચેનામાંથી કયા રાજ્યમાં આવેલી છે?

(A) મધ્ય પ્રદેશ

(B) મહારાષ્ટ્ર

(C) ઓડિશા

(D) ગુજરાત

**(2) નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?**

(A) ઇલોરાની ગુફાઓમાં કૈલાસ મંદિર આવેલું છે?

(B) ઇલોરામાં કુલ 34 ગુફાઓ આવેલી છે.

(C) રાષ્ટ્રકુટ રાજાઓના સમયમાં હિંદુ ધર્મની ગુફાઓનું નિર્માણ થયું.

(D) ઇલોરાની ગુફાઓને ચાર ભાગમાં વહેંચવામાં આવી છે.

**(3) જોડકાં જોડી સાચો ક્રમ પસંદ કરો:**

| મંદિર | રાજ્ય |
|---|---|
| (1) કોણાર્કનું સૂર્ય મંદિર | (A) મધ્યપ્રદેશ |
| (2) વિરૂપાક્ષનું મંદિર પટ્ટદકલ | (B) તમિલનાડુ |
| (3) બૃહદેશ્વર મંદિર | (C) કર્ણાટક |
| (4) ખજુરાહોનાં મંદિર | (D) ઓડિશા |

(A) 1-D, 2-C, 3-B, 4-A

(B) 1-C, 2-D, 3-A, 4-B

(C) 1-C, 2-D, 3-B, 4-A

(D) 1-C, 2-B, 3-D, 4-A

**(4) તાજમહેલ : શાહજહાં : હુમાયુનો મકબરો : .....................**

(A) જહાંગીર

(B) હુમાયુ

(C) હમીદા બેગમ

(D) શાહજહાં

**(5) ફતેપુર સિકરી નગરીની સ્થાપના કોણે કરી હતી?**

(A) હુમાયુ

(B) શાહજહાં

(C) બાબર

(D) અકબર

**(6) ભારતનાં આ ઐતિહાસિક સ્થળોને ઉત્તરથી દક્ષિણના ક્રમમાં ગોઠવતાં કયો ક્રમ સાચો ગણાય?**

(A) તાજમહેલ, ખજૂરાહોનાં મંદિર, બૃહદેશ્વર મંદિર, ઈલોરાની ગુફાઓ

(B) ઈલોરાની ગુફાઓ, તાજમહેલ, ખજૂરાહોનાં મંદિર, બૃહદેશ્વર મંદિર

(C) તાજમહેલ, બૃહદેશ્વર મંદિર, ખજૂરાહોનાં મંદિર, ઈલોરાની ગુફાઓ

(D) તાજમહેલ, ખજૂરાહોનાં મંદિર, ઈલોરાની ગુફાઓ, બૃહદેશ્વર મંદિર

**(7) નીચેનામાંથી સાચું જોડકું જોડી સાચો ક્રમ પસંદ કરો:**

| મંદિર | રાજ્ય |
|---|---|
| (1) ઉપરકોટ | (A) અમદાવાદ |
| (2) સીદી સૈયદની જાળી | (B) પાટણ |
| (3) રાણીની વાવ | (C) ખદીરબેટ |
| (4) ધોળાવીરા | (D) અમદાવાદ |

(A) 1-D, 2-C, 3-B, 4-A

(B) 1-D, 2-A, 3-B, 4-C

(C) 1-C, 2-D, 3-B, 4-A

(D) 1-C, 2-B, 3-D, 4-A

**(8) નીચેનામાંથી કયો વાવનો પ્રકાર નથી ?**

(A) નંદા

(B) ભદ્રા

(C) તદા

(D) વિજ્યા